૨૮/૧૧/૨૦૧૬

શ્રીમાન વડીલ ભાઈ વસંત હરિદાસ,

આપની સાથે વાત થયા મુજબ અમે અહીં એક સમાજનું નિર્માણ કર્યું છે. દીવ વાંઝા દરજી સમાજ યુ.કે. સમાજનો મુખ્ય હેતુ એ છે કે આપણી સાંસ્કૃતિક અને સમૃદ્ધ વારસાનું મૂલ્ય જળવાઈ રહે અને આપણી આવનારી પેઢીઓને આપણી રીતરિવાજની જાણકારી રહે.

અહીં અમે સમગ્ર જ્ઞાતિ જનોને ઈમેઈલ દ્વારા બેઠક માટે આમંત્રિત કર્યાં હતાં અને ઉપસ્થિત લોકોમાંથી બધાંની સહમતિથી એક સંચાલન સમિતિ નિમણૂક કરી છે.

જેનો કાર્યકાળ બે વર્ષ હશે અને જે સમાજની પ્રવૃત્તિઓને આગળ વધારવા કામ કરશે, અને ૨ વર્ષ પછી ચૂંટણી દ્વારા નવી સમિતિની સ્થાપના કરવામાં આવશે.

આ સાથે આપણે અત્યારે નિયુક્ત કરેલી સંચાલન સમિતિ અને સંસ્થાનું બંધારણ જે અમે બનાવ્યું છે તે મોકલાવી રહ્યાં છીએ.

નિયુક્ત સંચાલન સમિતિના સભ્યો બધાં અલગ અલગ ગામોમાંથી લેવામાં આવ્યાં છે એટલે બધાં ગામોને તેમનું પ્રતિનિધિત્વ મળી રહે.

અમારા આયોજન પ્રમાણે બધાં ગામના આ એક સંયુક્ત મુખ્ય સંસ્થાની છત્રછાયામાં પોતપોતાના ગામમાં કોઈ પણ કાર્યક્રમ કરી શકે છે.

આ પ્રસ્તાવના અમે શ્રીમાન ભાઈ વીરેન્દ્ર ચુનીલાલને પણ મોકલાવી છે અને તેમનો પણ સંપર્ક કર્યો છે.

તો મહેરબાની કરીને આ કાર્યને આગળ વધારવા માટે આપની અનુમતિ અને માર્ગદર્શન અને પ્રોત્સાહન આપતા રહેશો એવી નમ્ર વિનંતી.

સંચાલન સમિતિ તરફથી

ઊર્મિલ હસમુખરાય

દીપક કનકસિંહ